# સે-૧૭ શોપીંગ સેન્ટર પાછળના શૌચાલયની બદતર હાલતથી વેપારીઓ પરેશાન

## અસંખ્ય રજૂઆતો છતાં તંત્ર ઘોર નિંદ્રામાં : શૌચાલયની આસપાસ ખદબદતી ગંદકીથી દુર્ગંધનું સામ્રાજય અને રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ : સત્વરે સફાઈ સમારકામ કરાવવા વેપારી એસોસિએશનની ચીમકી





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૬
ગાંધીનગરના સેકટર-૧૭માં મેઈન શોપીંગ સેન્ટરની પાછળના ભાગમાં આવેલ જાહેર શૌચાલયની ઘણા સમયથી કોઈ જ સાફ સફાઈ ન થઈ હોવાથી અત્યંત બદતર હાલતમાં દુર્ગંધ મારી રહ્યું છે. આ શૌચાલયની આસપાસ એટલા પ્રમાણમાં ગંદકીનું સામ્રાજય ફેલાયું છે કે તેના કારણે કોઈ પણ વ્યકિત લઘુશંકા કરવા માટે ટોયલેટની નજીક જઈ શકતો નથી જેના કારણે શોપીંગ સેન્ટરના મુલાકાતીઓ શૌચાલયની બહાર જ લઘુશંકા પતાવી ગંદકીમાં ઉમેરો કરી રહ્યાં છે.

શૌચાલયની સાફ સફાઈ અને મરામત બાબતે શોપીંગ સેન્ટરના વેપારી એસોસિએશન દ્વારા અસંખ્ય વાર રજૂઆતો કરવામાં આવી છે. અનેક વાર વર્તમાનપત્રોમાં આ અંગે અહેવાલો છપાઈ ચુકયાં છે પરંતુ તંત્રના પેટનું પાણી હાલતું નથી. હવે ચોમાસાની સીઝન ચાલુ થઈ હોવાથી આ ગંદકીમાં ખુબ જ વધારો થશે અને રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ ભયંકર રીતે વધશે જેના કારણે આ વિસ્તારના રહીશો તેમજ શોપીંગ સેન્ટરના વેપારીઓ, મુલાકાતીઓ તથા કર્મચારીઓ તમામના આરોગ્ય સામે ગંભીર ખતરો પેદા થવાની શકયતા રહેલી છે. શૌચાલયમાં તમામ ટોયલેટ તુટેલા છે અને શૌચાલય ઉપરાંત તેની આસપાસનો વિસ્તાર અત્યંત ગંદકીથી ખદબદી રહ્યો છે જેના કારણે ભયંકર દુર્ગંધ પણ ફેલાઈ રહી છે.

સત્વરે આ શૌચાલય અને તેની આસપાસના વિસ્તારની સાફસફાઈ કરી તેનું સમારકામ હાથ ધરાય જેથી શોપીંગ સેન્ટરના વેપારીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓ તેનો ઉપયોગ કરી શકે તેવી માંગ વેપારી એસોસીએશન દ્વારા કરવામાં આવી છે આ શોપીંગ પાસેજ એક બેંક અને પોસ્ટ ઓફીસ પણ આવેલી હોઈ આ વિસ્તારમાં મુલાકાતીઓનું પ્રમાણ વધુ રહે છે. જેથી સત્વરે પગલાં નહીં લેવાય તો જનહિતમાં વેપારી એસોસીએશન દ્વારા જલદ પગલાં લેવાશે જેની જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી સે-૧૭ શોપીંગ સેન્ટર વેપારી એસોસીએશનના પ્રમુખ રજ્જુજી ગોલે ઉચ્ચારી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૭**
**સૂર્યાસ્ત : ૭.૩૦**

## તાપમાન

**મહત્તમ : ૩૪.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૭૬ ટકા ● સાંજે ૬૨ ટકા**

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦
વેકલમ જિંદગી : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫

**સ્ક્રીન-૨ :**
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦
હમારી અધુરી કહાની : ૭.૪૫

**સ્ક્રીન-૪ :**
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

● સ્વ. રાવલ અંબાલાલ મણીલાલ (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૭૨૨/૨, સેકટર-૨૧, ગાંધીનગર

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં યુવાનનો ગળે ફાંસો

## સેકટર-૩માં સ્થિત કલાસીસમાં જ પંખે રસ્સી બાંધી જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર, તા. ૨૬
ગાંધીનગર શહેરના સેકટર-૩માં સ્થિત એક સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ કલાસીસમાં જ પરીક્ષાની તૈયારીઓ કરતાં યુવાને કોઈ અગમ્ય કારણોસર પંખે રસ્સી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. ઘટનાની જાણ કલાસીસ સંચાલકે સેકટર-૭ પોલીસને કરતાં પીએસઆઈ વી.યુ. ગડરીયાએ અકસ્માત મોતનો ગુનો નોંધી ઉંડી તપાસ આરંભી છે.

સાબારકાંઠા જિલ્લાના અમીરગઢ વિસ્તારનો મુળ વતની અને હાલ સેકટર-૩માં સ્થિત એક કલાસીસમાં જ રહીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં યુવાન નિખિલ ગણપતભાઈ પટેલે કોઈ કારણોસર આપઘાત કરી લીધો હતો. નિખિલે રૂમના પંખે રસ્સી બાંધીને ગળે ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી નાંખ્યું હતું. કલાસીસ સંચાલકને ઘટનાની જાણ થતા તેમણે તાત્કાલીક પોલીસને બોલાવી લીધી હતી. સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગાડરીયા તાબડતોબ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી પરીવારજનોને વતનથી બોલાવી લઈ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. યુવાને પ્રેમમાં હતાશ થઈ ને અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે. જો કે તે દિશામાં પોલીસે તપાસ આરંભી છે.

### પોલીટેકનીક બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીનું ભેદી રીતે મૃત્યુ

ગાંધીનગર સે-૨૬ ખાતે સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજમાં એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા અને બોયઝ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી કુંદન મહેન્દ્રભાઈનું મોડી રાત્રે ભેદી રીતે મૃત્યુ નિપજયું હતું. સુરત રહેતા પિતાને ફોન કરીને કુંદને રાત્રે કહ્યું કે મને લઈ જાવ. મારી તબિયત સારી નથી. કુંદનને લેવા માટે સે-૪માં રહેતા એક સગાને મોકલ્યા ત્યારે કુંદન રૂમમાં તરફડીયા મારી રહ્યો હતો. દરવાજો મહા મહેનતે ખોલ્યો ત્યાં તેનું મૃત્યુ થઈ ચુકયું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પોસ્ટ મોર્ટમમાં વિશેરા લઈ ઉંડી તપાસ શરુ કરી છે.

# બેંક ડિપોઝીટ પરના વ્યાજ પર ટીડીએસની મર્યાદા વધારવા નાણામંત્રી સમક્ષ ધા

## શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા નાણાંમંત્રી અરૂણ જેટલીને પત્ર લખી માંગ કરાઈ : ડિપોઝીટના વ્યાજને કરમુક્ત કરવા પણ સૂચન કરાયું

ગાંધીનગર, તા. ૨૬
ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા દેશના નાણાંમંત્રી અરૂણ જેટલી સમક્ષ ફિક્સ ડિપોઝીટના રૂ. ૧૦ હજારથી વધુના વ્યાજને ટેક્ષેબલ ગણવાની લિમિટને રૂ. ૫૦ હજાર સામાન્ય કરદાતા માટે અને રૂ. ૬૦ હજાર સિનિયર સિટીઝન માટે કરવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત પરિષદ દ્વારા જ વર્ષે કરપાત્ર આવક ન હોય તે વર્ષે આવકવેરા રીટર્ન ફાઈલ કરવામાંથી મુક્તિ આપવા પણ માંગ કરવામાં આવી છે.

હાલના આવકવેરા કાયદા પ્રમાણે બેંક ડિપોઝીટ પર વ્યાજની આવક કરપાત્ર છે અને તેમાં રૂ. ૧૦ હજારથી વધુના વ્યાજની આવક પર ટીડીએસ કાપવો ફરજિયાત છે. શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા બેંક ડિપોઝીટ પરના વ્યાજની આવકને કરમુક્ત કરવા અથવા ટીડીએસ માટે રૂ. ૧૦ હજારની મર્યાદા વધારી સામાન્ય કરદાતા માટે રૂ. ૫૦ હજાર તેમજ સિનિયર સિટીઝન માટે રૂ. ૬૦ હજારની કરવા માંગ કરાઈ છે. આ ઉપરાંત પરિષદ દ્વારા નાણાંમંત્રી સમક્ષ કરદાતાઓને જે વર્ષે કરપાત્ર આવક ન હોય તે વર્ષે આવકવેરાનું રીટર્ન ફાઈલ કરવામાંથી મુક્તિ આપવા પણ માંગ કરવામાં આવી છે.

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા નાણાંમંત્રી અરૂણ જેટલીને મુદ્રા બેંકના નિર્ણય માટે અભિનંદન આપવામાં આવ્યાં છે અને સાથે સહકારી બેંકોના માળખાને વધુ મજબૂત બનાવવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. આ માટે પરિષદ દ્વારા વ્યાજની આવકને કરમુક્ત આપવામાં આવે તો નાગરિકો બેંક ડિપોઝીટમાં વધુ નાણાંનું રોકાણ કરશે તેવો મત પણ વ્યક્ત કરાયો છે.

# સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર સામે ચાલતી જતી મહિલાનો દોરો ખેંચાયો

## બે તોલા વજનનો રૂ. ૪૦ હજારનો દોરો આંચકી બાઈક પર આવેલા બે શખ્સો રફુચક્કર

ગાંધીનગર, તા. ૨૬
શહેરના સેક્ટર-૨ ખાતે રહેતી અને સ્વામિનારાયણ મંદિર સામેના માર્ગ પરથી ચાલતા જઈ રહેલી મહિલાને ટાર્ગેટ બનાવી બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચરો તેણીનો દોરો લુંટી ફરાર થઈ ગયા હતા. મહિલાના ગળામાંથી બે તોલાનો રૂ. ૪૦ હજારનો દોરો આંચકી ફરાર થઈ જનાર બે અજાણ્યા ચેઈન સ્નેચરો સામે ફરીયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨-એ પ્લોટ નં. ૧૨૫૦/૧ ખાતે રહેતા સુશીલાબેન રમેશભાઈ પટેલ આજે બપોરના અરસામાં સે. ૨ સ્વામિનારાયણ મંદિર પાસેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો તેમની નજીક આવ્યા અને ગળામાં હાથ મારીને બે તોલા વજનનો અંદાજે રૂ. ૪૦ હજારની કિંમતની સોનાની ચેઈન ઝુંટવી લુંટી લીધી હતી. ચેઈન લુંટીને પળવારમાં બાઈકમાં બંને ચેઈન સ્નેચરો ફરાર થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના રહીશોનું ટોળુ ભેગુ થઈ ગયું હતું. જો કે ત્યાં સુધીમાં તો ચેઈન સ્નેચરો રફુચક્કર થઈ ગયા હતા. સુશીલાબેનની ફરીયાદને આધારે સે. ૭ પોલીસમથકના પીએસઆઈ બોડાણાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# જીઆઈડીસી એસોસિએશને વરસાદમાં ફસાયેલા નાગરિકોને ફૂડ પેકેટ પહોંચાડ્યા

ગાંધીનગર, તા. ૨૬
કુદરતના પ્રકોપ આગળ અસહાય અને લાચાર માનવીઓના આંસુ લુછવા તેમજ તેઓના દુઃખમાં સહભાગી બનીને સહયોગના કાર્યમાં જી.આઈ.ડી.સી. એન્જીનયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશન, ગાંધીનગર હરહંમેશ અગ્રેસર રહ્યું છે.

ચોમાસાની શરૂઆતમાં જ ગુજરાતના સૌરાષ્ટ્રમાં વ્યાપક વરસાદનો ભોગ બનેલા અમરેલી જિલ્લાના બગસરામાં હજુ પણ માનવીઓ સહાયની રાહ જોઈ રહ્યાં છે. આવા માનવીઓની સહાય અર્થે જી.આઈ.ડી.સી. એન્જીનયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશન, ગાંધીનગર દ્વારા આશરે ૨૨૫ કિલો સુખડી તેમજ ૨૦૦ કિલો ફૂલવડીના ફૂડ પેકેટ બનાવવામાં આવેલ અને સૌરાષ્ટ્રમાં પહોંચાડવામાં આવી રહ્યાં છે.

સમાજનો સંપન્ન તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર વર્ગ આવા કાર્યોમાં હરહંમેશ જોડાઈને સેવાકાર્યમાં જોડાય અને સેવાની જ્યોત હરહંમેશ પ્રજ્વલિત રહે તેવો ઉમદા ભાવ પણ જી.આઈ.ડી.સી. એન્જીનયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશન, ગાંધીનગરના ઉપસ્થિત સૌ હોદ્દેદારો તેમજ સદસ્યો અને સેવા કાર્યમાં જોડાયેલ સૌએ વ્યક્ત કર્યો હતો.

# સગર્ભા સ્ત્રીઓને કઠોળ વિતરણની યોજનાનો બહોળો પ્રતિસાદ

## મનપા દ્વારા કુપોષણ નિવારવા ૬૦ દિવસના ગાળામાં ૨૦૦૦ કિલો કઠોળનું વિતરણ કરાયુ

ગાંધીનગર, તા. ૨૬
સગર્ભા સ્ત્રીઓમાં કૃપોષણ નિવારવા ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અમલી બનાવાયેલ જીજાબાઈ મમતા સેવા પ્રોત્સાહકયોજના હેઠળ તંત્ર દ્વારા ૬૦ દિવસના ગાળામાં ૨૦૦૦ કિલો કઠોળનું વિતરણ કરવામાં આવ્યું છે. મ્યુનિ કોર્પોરેશન દ્વારા અમલી આ યોજનામાં કૃપોષણ નિવારવા જુદાજુદા છ તબક્કામાં સગર્ભા સ્ત્રીઓને કઠોળ આપવામાં આવે છે.

સગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીઓમાં સામાન્ય રીતે એનેમીયાની સમસ્યા જોવા મળતી હોય છે. એનેમીયાની સમસ્યા નિવારવા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર આપવો જરૂરી છે. કૃપોષણનાં કારણે સગર્ભા સ્ત્રી સાથે નવા જન્મનાર શિશુના આરોગ્ય ઉપર પણ પ્રતિકુળ અસરો થવાની શક્યતા રહેલી છે. જો કે આ સમસ્યા નિવારવા તથા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર ઉપલબ્ધ કરાવવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એપ્રિલ ૨૦૧૫પથી જીજાબાઈ મમતા સેવા પ્રોત્સાહક યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા તમામ

કુટુંબની સગર્ભા પુત્રવધુઓને જુદાં જુદાં છ તબક્કામાં ૬ કિલો કઠોળ આપવામાં આવે છે. સગર્ભા સ્ત્રીઓની વહેલી નોંધણીથી લઈ બાળકના સંપૂર્ણ રસીકરણનો ઉદ્દેશ ધરાવતી આ યોજનામાં અત્યાર સુધીમાં બે હજાર કિલો મગનું વિતરણ કરવામાં આવ્યું છે. મ્યુનિ. કોર્પોરેશનનાં આરોગ્ય વિભાગ દ્વારા નિર્ધારિત કેન્દ્રો ખાતે કઠોળનું વિતરણ કરવામાં આવે છે.

### સેક્ટર-૨૧ હવેલીમાં એલચીના બંગલાનો મનોરથ

સેક્ટર-૨૧ શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે આજે ભોજન થાળી રાજભોગમાં એલચીના બંગલાનો મનોરથ કરાશે.




નવનિર્માણ સેના અને અનુજા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં નવનિર્માણ સેનાના સભ્યો અને અનુજા ફાઉન્ડેશનના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત વૃક્ષારોપણ કર્યુ હતુ. તેમજ દરેક સભ્યને એક એક વૃક્ષ ભેટ આપવામાં આવ્યું હતું.

### ચિલોડા સર્કલ પાસે ડમ્પરની અડફેટે બાઈકસવાર મહિલાનું મૃત્યુ

મોડાસા વિસ્તારમાં રહેતા ૩૭ વર્ષિય મહિલા સારાબેન મગનભાઈ તવીયાડ તેમના સંબંધી સાથે બાઈક પર મોડાસા તરફ જઈ રહ્યા હતા ત્યારે આજે સવારના અરસામાં ચિલોડા સર્કલ નજીક નાઈટ ક્વીન હોટલ સામે બેફામ જતી ડમ્પર નં. જીજે-૯-ઝેડ-૨૪૦૧ના ચાલકે બાઈકને અડફેટે લઈ લીધી હતી. આ અકસ્માતમાં બાઈક સવાર સારાબેનનું ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું.

### દુઃખદ અવસાન

જીઈબી ખાતે રહેતા કુસુમબેન બળદેવભાઈ ભાવસારનું અવસાન ગત ૨૨ જૂનના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૯ જૂન સોમવાર સવારે ૯ થી ૧ કલાક દરમિયાન જીઈબી કલબ હોલ, જીઈબી ખાતે રાખેલ છે.